વોર્ડ નં. ૭ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરા અને નરેશભાઈ પરમારે મુલાકાત લીધી હતી. સ્થાનિકોના પ્રશ્નો સાંભળી તેમને સત્વરે હલ કરવાની બાંહેધરી આપી હતી. સૌ સાથે મળી સેક્ટરના પ્રશ્નોની જેવા કે આંતરીક સફાઈ, ગટર સફાઈ, કૂવા રીચાર્જ અને સફાઈ, સરકારી હોસ્પિટલ (દવાખાના) બંધ છે તેને પુનઃ શરૂ કરવા તેમજ ચોમાસા દરમ્યાન ભયજનક વૃક્ષોને ટ્રીમીંગ કરવાના મુદ્દા પર ચર્ચાઓ થઈ હતી. આ પ્રસંગે પ્રમુખ જયેશભાઈ આગજા, મહામંત્રી દુષ્યંતભાઈ શ્રીમાળી, ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલ, પી.વી. અસારી, વી.બી. પરમાર અને નવદુર્ગા સેવા ટ્રસ્ટના મહામંત્રી બીપીન પરમાર તેમજ અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

એસએસઓ અધિકાર મહાસંઘના મહામંત્રી પદે શંભુભાઈ દેસાઈની વરણી

ઊંઝા, તા.૧૭

ગુજરાત એસએસઓ અધિકાર મહાસંઘના ઉત્તર ગુજરાત ઝોનના મહામંત્રી પદે શંભુભાઈ સરતાનભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવી છે. ઊંઝાના વતની શંભુભાઈ વર્ષોથી અનેક સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને લઈ વિવિધ સંગઠનો સાથે જોડાયેલા છે અને સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભૂકંપના આંચકાથી દહેશત

સુરત, ભાવનગર, અમરેલી સહિત વિસ્તારોમાં આંચકો અનુભવાયો : લોકો ઘરથી બહાર દોડ્યા : નુકસાન ટળ્યું

સુરત, તા.૧૭

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં આજે સવારે ભૂકંપના આંકડાના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી અને લોકો પોતપોતાના ઘરમાંથી બહાર આવી ગયા હતા. જો કે, અમદાવાદમાં તેની અસર જોવા મળી ન હતી. ઉંચી ઈમારતોમાં રહેતા લોકોને વધારે અનુભવ થયો હતો. ગુજરાતમાં આ ભૂકંપના આંચકાના કારણે અગાઉના વિનાશક ભૂકંપની યાદ પણ તાજી થઈ હતી. સુરતમાં ૯.૨૪ વાગ્યા આસપાસ ૪.૭ની તીવ્રતાના ભુકંપના આંચકા અનુભવાયા બાદ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી સહિતના વિસ્તારમાં હળવા આંચકા અનુભવાયા હતા. આજે રવિવાર અને વરસાદી માહોલ હોવાથી લોકો વરસાદની મજા માણવા રસ્તાઓ પર આવી રહ્યા હતા. જ્યારે શહેરના અડાજણ, રાંદેર અને ઉધના, પાલ, પાલનપુર, ભટાર, કતારગામમાં હળવા આંચકા અનુભવાયા હતા. જ્યારે ઉંચી ઈમારતમાં રહેતા લોકો બહાર દોડી આવ્યા હતા. સુરત, ભાવનગર અને અમરેલીમાં આજે ૪.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જ્યારે હાઈરાઈઝમાં રહેતા રહીશો બહાર દોડી આવ્યા હતા. સુરત શહેરના અડાજણ, રાંદેર અને ઉધના વિસ્તારમાં ભુકંપના હળવા આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૭ નોંધાઈ છે. જ્યારે કેન્દ્ર બિંદુ સુરતથી ૧૪ કિમી દુર, જમીનથી ૧૦ કિમી અંદર કેન્દ્ર બિદુ હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપના હળવા આંચકાથી કોઈ મોટું નુકસાન કે જાનહાનિ નથી થયાં.

અત્રે નોંધનીય છે કે,તાજેતરના વર્ષોમાં ભારતના જુદા જુદા ભાગોમાં પણ ભૂકંપના આંકડા અનુભવાઈ ચુક્યા છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં આંચકા અનુભવાયા છે જેમાં દિલ્હી અને એનસીઆર, પંજાબ અને હરિયાણા, રાજસ્થાનમાં આંચકાઓ અનુભવાયા છે. ભારતમાં બિહાર, ઉત્તરાખંડ જેવા રાજ્યો સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત રહ્યા છે.નેપાળમાં પ્રચંડ ભૂકંપ વેળા બિહારમાં પણ નુકસાન થયું હતું.

જય પાર્વતીના વ્રતની શરૂઆત થઈ ચુકી છે ત્યારે રવિવારે પણ પૂજાવિધિનો દોર ચાલ્યો હતો.

સમર્થકોના ભારે ઉત્સાહ વચ્ચે હાર્દિક રાજસ્થાનમાં પ્રવેશ્યો

હાઈકોર્ટની શરત મુજબ આગામી છ મહિના ગુજરાતમાં પ્રવેશી શકશે નહીં : પુષ્કરલાલ પટેલના આવાસમાં રહેશે

શામળાજી, તા.૧૭

ગુજરાત હાઈકોર્ટની જામીન આપવા માટેની શરત મુજબ જ આજે વહેલી સવારે પાટીદાર અનામત આંદોલન લીડર હાર્દિક પટેલ રાજસ્થાનમાં ઉદયપુર પહોંચી ગયો હતો. હવે તે આગામી છ મહિના સુધી ગુજરાતની બહાર રહેનાર છે. ૨૨ વર્ષીય હાર્દિક પટેલ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને સ્થાનિક પટેલ નેતા પુષ્કરલાલ પટેલની માલિકીના મકાનમાં છ મહિના સુધી ઉદયપુરમાં રહેશે. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા અને હાર્દિકના નજીકના મિત્ર દિનેશ બામણિયાએ કહ્યું હતું કે, ઉદયપુરથી પણ હાર્દિકની સલાહ લેવામાં આવશે. આજે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ પોતાના વતન ગામ વિરમગામથી ઉદયપુર માટે રવાના થયો હતો. બપોરે તે ઉદયપુર પહોંચી ગયો હતો. ગુજરાત સરહદ ઉપર પણ તેનું શાનદાર સ્વાગત કરાયું હતું. ઉત્તર ગુજરાતમાં પણ તેનો જવાનો કાર્યક્રમ હતો પરંતુ સમયના અભાવે આ બાબત શક્ય બની ન હતી. આજે સવારે ૧૧ વાગે ૪૮ કલાકની અવધિ પુરી થઈ ગઈ હતી જેથી તે વહેલી સવારે રવાના થઈ ગયો હતો.સુરત અને અમદાવાદની સેશન કોર્ટમાં હાર્દિક પટેલે ખાતરી આપતા કહ્યું છે કે, હાર્દિક રાજસ્થાનના ઉદયપુરમાં એરપોર્ટ રોડ ખાતે આવેલા શ્રીનાથનગરમાં મકાન ૧૯૦માં રહેશે. પટેલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે,તેમના આવાસમાં હાર્દિક માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. હાર્દિક અમારા સમુદાય માટે લડત ચલાવી રહ્યો છે. રાજસ્થાનમાં પણ પટેલ સમુદાયનું પણ સમર્થન ધરાવે છે. પોલીસે તેને તેની જ ગાડીમાં હિંમતનગર રૂટ પરથી રાજસ્થાન ગુજરાતની હદ બહાર કરવા માટે વિરમગામથી સીધો જ અમદાવાદ, ગાંધીનગર થઈ હિંમતનગર, શામળાજીના માર્ગે ઉદયપુર તરફ લઈ જવાયો હતો. ગુજરાત પાર કરીને રતનપુર બોર્ડરથી રાજસ્થાનમાં હાર્દિક પ્રવેશ્યો હતો ત્યાં તેનું ભવ્ય

સ્વાગત કરવામાં આવ્યું હતું. પાટણ પાલનપુર જવાનો હતો અને રેલી કરવાનો હતો, પરંતુ સમયનો અભાવ હોવાથી ગુજરાત છોડવું પડ્યું હતું. આજે વહેલી સવારે મોરબીથી હળવદ ત્યારબાદ સુરેન્દ્રનગર થઈને સૌરાષ્ટ્ર છોડી ઉત્તર ગુજરાતમાં પ્રવેશવાનો હતો.

બહુચરાજી ત્યારબાદ ચાણસ્મા, પાટણ, સિદ્ધપુર, પાલનપુર થઈ ૪૮ કલાક પુરા થતાં ગુજરાત બહાર જવાનો હતો. પરંતુ સમયના અભાવના લીધે સીધો શામળાજી બોર્ડર પહોંચ્યો હતો. જેલમાંથી છુટ્યા બાદ હાર્દિકને ૪૮ કલાક ગુજરાતમાં રહેવાની છૂટ હતી. હાર્દિક પટેલે વિરમગામથી વિદાય થતાં પૂર્વે ઘર પાસેના મેલડી માતાના મંદિરમાં દર્શન કર્યા બાદ પોતાનું ગામ છોડ્યુ હતું. બપોરે ૨.૩૦ કલાકે બોટાદના સાળંગપુરધામ ખાતે કષ્ટભંજન દેવ અને બાપ્સ મંદિરમાં દર્શન કર્યા હતા.

ટોક ટુ એકેમાં ગુજરાતના લોકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૭

માત્ર એક વર્ષના કાર્યકાળમાં દિલ્હી સરકાર દ્વારા થઈ રહેલા અદ્યતન કાર્યોની ચર્ચા દેશભરમાં થઈ રહી છે. ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપમુખ્યમંત્રી મનીષ સીસોદીયા આજે દુનિયાભરના લોકોના પ્રશ્નોના જવાબ આપવા તેમના અભિપ્રાયો લેવા તથા તેમની સમસ્યાઓ સાંભળવા માટે ટોકટુએકે નામના કાર્યક્રમના માધ્યમથી ઉપસ્થિત થયા હતા. જેનું સીધુ પ્રસારણ ટોકટુએકે.કોમ.ફેસબુક પર થયું હતું અને જેનું સંચાલન દેશના મશહૂર સંગીતકાર વિશાલ દડલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ફોન, એસએમએસ, ટ્વિટર અને ફેસબુકના માધ્યમથી લોકો દ્વારા સવાલો પુછવામાં અને પોતાના અભિપ્રાયો આપવામાં આવ્યા હતા.

તેમણે આ કાર્યક્રમમાં દિલ્હીમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, વીજળી તથા પાણી જેવા અગત્યના ક્ષેત્રોમાં કઈ રીતે દિલ્હી સરકાર જનહિતમાં કામ કરી રહી છે તેની તમામ માહિતી આપી હતી. આ સાથે આવનારા સમયમાં કયા પ્રકારનું આયોજન સરકાર કરી રહી છે તે પણ જણાવ્યું હતું. વધુમાં તેમણે દેશની કેન્દ્ર સરકાર દ્વારા કયા પ્રકારે દિલ્હીના સરકારને તેમના ધારાસભ્યોને પરેશાન કરવામાં આવી રહ્યા છે તે વિસ્તારથી જણાવ્યું હતુ. સાથો સાથ ગઈકાલે આયોજિત તમામ મુખ્યમંત્રીઓની દેશના પ્રધાનમંત્રી સાથે મળેલી બેઠકમાં તેમણે ખેડૂતોના દેવાને માફ કરવાની જે રજુઆત કરવામાં આવી હતી તે રજુઆત ફરી એક વખત કરી હતી. તેમને ગુજરાતમાં છેલ્લી વખત આવ્યા તે કાર્યક્રમ અંગે પણ સવાલો પુછ્યા હતા. આ પુછતાની સાથે તેમણે કહ્યું હતું કે જાહેર કાર્યક્રમ ન હતો તે છતાં પણ જે રીતે લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો તે અદ્‌ભુત છે. ગુજરાતમાં ચાલી રહેલી તાનાશાહી અને પાટીદાર સમાજ તથા અવાજ ઉઠાવનાર દરેક લોકો ઉપર સરકારની દમનકારી નીતિની પણ તેમણે રજુઆત કરી હતી અને પોતાનો સુરતનો કાર્યક્રમ સરકાર દ્વારા કઈ રીતે રદ કરવામાં આવ્યો તે જણાવ્યું હતું. વીજળી અંગેના સવાલનો જવાબ આપતા તેમણે લોકો સમક્ષ ૨૦૦,૪૦૦ યુનિટ વીજળીના દિલ્હીના બિલ અને ગુજરાતના બિલની રકમ પણ મુકી હતી અને કહ્યું હતું કે જો આમ આદમી પાર્ટી દિલ્હીમાં આ ભાવે વીજળી આપી શકે છે તો બીજી સરકાર કેમ નથી આપી શકતી, યતીન ઓઝા દ્વારા લખવામાં આવેલ પત્રની વિગત પણ એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે આપી હતી. ગુજરાતમાં આપ ચૂંટણી લડશે કે કેમ તેનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતુંકે ચૂંટણી લડવી કે નહીં તે ગુજરાતની પ્રજા નક્કી કરશે તેવો એક-બે મહિનામાં જ ફરી એક વખત ગુજરાત આવશે સભા કરશે અને લોકોને પુછશે ચૂંટણી લડવી કે નહીં અને પ્રજા કહેશે તેમ કરશે.

બનાસકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર, તા.૧૭

પાલનપુર મુકામે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવશ્રી અરૂણકુમાર સોલંકીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને

ફરીયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં વિકાસકીય વિવિધ બાબતો પરત્વે મુદ્દાવાર સમીક્ષા કરવામાં આવી હતી. પ્રભારી સચિવે જણાવ્યું કે લક્ષ્યાંક મુજબની કામગીરી સમયમર્યાદામાં અને સારી ગુણવત્તાની થાય તેની કાળજી રાખીએ. બેઠકમાં ગતિશીલ ગુજરાત, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ગરીબ કલ્યાણ મેળા, અન્નપૂર્ણા યોજના, લોકસંવાદ સેતુ, સોઈલ હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી પાક વીમા યોજના, કૃષિ સિંચાઈ યોજના, જળસંચય, નરેગા, ઉજ્જવલ્લા યોજના સહિત વિવિધ બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

પ્રભારી સચિવશ્રી અરૂણકુમાર સોલંકીએ અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. ગતિશીલ ગુજરાત અને લોકસંવાદ સેતુમાં રજુ થયેલ પ્રશ્નોના યોગ્ય અને હકારાત્મક નિરાકરણ અંગે જરૂરી વહીવટી પ્રક્રિયા પુરી કરી જિલ્લાકક્ષા કે રાજયકક્ષા સુધી ફોલોઅપ કરીને પ્રશ્નોનું નિરાકરણ લાવવા જણાવ્યું હતું. તેમણે કહ્યુ કે લક્ષ્યાંક મુજબ કામ કરાવવાની જવાબદારી સંબંધિત અધિકારીઓએ કાળજીપૂર્વક કરવાની રહે છે.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં રસ્તા, પાણી, વીજળી, પૂરગ્રસ્તોને ચુકવવાની સહાય તથા ધારાસભ્યો અને સંસદસભ્યના પ્રશ્નોનું નિરાકરણ અંગે, દિયોદર મુકામે ગટરના પ્રશ્નો, નેશનલ હાઈવે પર ટોલટેક્ષ અંગે વગેરે પ્રશ્નોના નિકાલની ચર્ચા કરવામાં આવી હતી. લોક સંવાદ સેતુ કાર્યક્રમ અન્વયે રજુ થયેલ પ્રશ્નોના નિરાકરણમાં સત્તા મર્યાદાના પ્રશ્નો હોય તેને ઉપરની કક્ષાએ મોકલી તેના નિરાકરણ માટે સક્રિય પ્રયાસો કરવા કલેકટર જેનુ દેવને અધિકારીઓને સુચના આપી હતી. બેઠકમાં જિલ્લાના સર્વાગી વિકાસ અંગે વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી કામગીરી કરવા જણાવ્યું હતું. બેઠકમાં કલેકટર જેનુ દેવન, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, ધારાસભ્યો સર્વ કેશાજી ચૌહાણ, પરબતભાઈ પટેલ, ગોવાભાઈ રબારી, મહેશભાઈ પટેલ, મણીભાઈ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર, અધિક નિવાસી કલેકટર એન.ડી.મિસ્ત્રી સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જયાપાર્વતી વ્રતને લઈને શહેરમાં ભારે ઉત્સાહ છે

અમદાવાદ,તા. ૧૭

શહેર અને રાજ્યમાં હાલમાં જયા પાર્વતી વ્રતનો માહોલ જોવા મળી રહ્યો છે મોટી સંખ્યામાં નાની બાળકીઓ અને મોટી યુવતીઓ અને પરિણિત મહિલાઓ પણ આ વ્રત કરી રહી છે. આ વ્રતનું પણ વિશેષ મહત્વ રહેલું છે. બાળકીઓ પણ વહેલી સવારે ઉઠી જાય છે અને શિવ મંદિરોમાં દર્શન માટે પહોંચે છે. આજે મોટી યુવતીઓ પણ મંદિરોમાં પૂજા કરતી નજરે પડી હતી. વર્ષોથી જયા પાર્વતી વ્રત પરંપરાગતરીતે મનાવવામાં આવે છે. જયાપાર્વતીના વ્રત ગાળામાં જાગરણનું આયોજન પણ કરવામનાં આવે છે જેના ભાગરુપે બાગબગીચાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ચોમાસુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષે ઓગષ્ટમાં તેને રાજ્યસભામાં મોકલી દેવામાં આવ્યુ હતુ. જીએસટી બિલ પસાર થવાનો માર્ગ મોકળો થઈ રહ્યો છે. કારણ કે આ મુદ્દે કોંગ્રેસનો સાથે છોડીને કેટલાક પ્રાદેશિક પક્ષો સરકાર સાથે આવી રહ્યા છે. ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં સ્થાન મેળવી લેવામાં ભારતને મળેલી નિષ્ફળતાનો મુદ્દો વિપક્ષ ઉઠાવે તેવી શક્યતા છે. સરકાર તરફથી વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ વડાપ્રધાન મોદીની વિદેશ યાત્રા સહિતના મુદ્દા પર ચર્ચા કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. જીએસટી બિલ ઉપરાંત અન્ય કેટલાક જટિલ બિલ રહેલા છે. વિસ્લે બ્લોઅર્સ પ્રોટેક્શન (સુધારા) બિલ પેન્ડિંગ છે. આ બિલ ડિસેમ્બર ૨૦૧૫માં રજૂ કરાયુ હતુ. બજેટ સત્રમાં આ બિલ પર ચર્ચા થઈ શકી ન હતી. લોકસભામાં કેટલાક બિલ પેન્ડિંગ છે. કન્ઝ્યુમર પ્રોટેક્શન બિલ ૨૦૧૫ અને બેનામી ટ્રાન્ઝીક્શન (સુધારા) બિલનો સમાવેશ થાય છે. મોનસુન સત્રમાં ૨૦ કારોબારી દિવસ રહેશે. ૧૨મી ઓગષ્ટના દિવસે તે પૂર્ણ થશે. મોનસુન સત્ર દરમિયાન જીએસટી બિલ સહિત કુલ ૨૫ બિલ પસાર થવા માટે અથવા તો ચર્ચા માટે હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. મોનસુન સત્ર દરમિાન જમ્મુ કાશ્મીરમાં જારી હિંસા, ત્રાસવાદી ગતિવિધીમાં વધારો, આસમાને પહોંચી ગયેલી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને અન્ય તમામ મુદ્દા પર પણ રજૂઆત કરવામાં આવનાર છે.

જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નજીક બંધ છે. ગંગોત્રી હાઈવે ગંગનાનીની પાસે બંધ રાખવામાં આવ્યો છે. રાજ્યભરમાં વરસાદના કારણે ભારે જટિલ સ્થિતી સર્જાઈ ગઈ છે. રૂદ્રપ્રયાગમાં રિશિકેશ બદરીનાથ હાઈવે સિરોબગઢની પાસે બંધ રાખવામાં આવ્યો છે. માર્ગોને ખોલવાની કામગીરી ચાલી રહી છે. સોનપ્રયાગમાં સેંકડો શ્રદ્ધાળુઓ ફસાયેલા છે. કારણ કે રૂદ્રપ્રયાગમાં વરસાદના કારણે ૨૫ માર્ગો બંધ રાખવામાં આવ્યા છે. ઉત્તર કાશીમાં ગંગોત્રી નજીક મોટ સંખ્યામાં લોકો ફસાયા છે. હરિદ્વાર શહેરમાં તો માર્ગો પર વરસાદના કારણે બેથી ચાર ફુટ પાણી ભરાઈ ગયા છે. ઓટો અને વાહન વ્યવહારને બંધ રાખવાની ફરજ પડી છે. હાઈવે પર પણ સ્થિતી આવી જ છે. હરિદ્વાર રેલવે સ્ટેશન પર લોકો અટવાઈ પડ્યા છે. હરિદ્વાર-દિલ્હી હાઈવે બંધ છે. ઉત્તરકાશીમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. બીજી બાજુ લખનૌથી પ્રાપ્ત હેવાલ મુજબ ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે.

હવે પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ બરેલીમાં ત્રણ ઈંચથી વધારે વરસાદ થયો છે. જ્યારે બાહરેચમાં બે ઈંચથી વધારે વરસાદ થયો છે. મોનસુની વરસાદના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. નેપાળમાં પણ વરસાદના કારણે પુર જેવી સ્થિતી સર્જાઈ ગઈ છે.સ્કાય મેટ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી બે દિવસ સુધી ઉત્તરપ્રદેશ અને બિહારમાં વધારે વરસાદ પડનાર છે. ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશમાં કેટલાક ભાગોમાં મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે.

પાર્કિંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટાડવી કે કેમ તે જોવા કે રિપોર્ટ તૈયાર કરવા માટે ગયા ન હતા. હાલ પંચાયતમાં તેના વાહનો જ પાર્ક કરવા માટે જગ્યાનો અભાવ છે જ્યારે કર્મચારીઓના વાહન પાર્કિંગની સમસ્યા ઘેરી બની છે. છેક સે. ૧૭ના વળાંક સુધી અને આમ સેન્ટ્રલ વિસ્ટા સુધી વાહનોના પાર્કિંગની લાઈનો થતાં અકસ્માતનો ભય ઉભો થયો છે. આમેય 'ચ' રોડ પર અકસ્માતો વધુ થતા હોય છે જે ઉલ્લેખનીય છે.

વાવેતર વિસ્તારમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વર્ષે જિલ્લામાં કપાસના બદલે મગફળીના વાવેતર તરફ ખેડૂતોમાં વધુ લગાવ જોવા મળી રહ્યા છે. જિલ્લામાં મગફળીનું વાવેતર આ વખતે જે થયુ છે અને થઈ રહ્યુ છે તે એક નવો વિક્રમ બનાવશે.

ગત વર્ષે આ સમયગાળામાં મગફળીનું વાવેતર ૪૪૨૪ હેક્ટર હતુ જેની સામે આ સમયગાળામાં અત્યાર સુધીમાં ૫૨૭૬ હેક્ટર નોંધાયુ છે. ગયા વર્ષે આ સમયગાળામાં માણસા તાલુકામાં માત્ર ૨૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ જ્યારે આ વર્ષે ૧૦૦૯ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થઈ ચુક્યુ છે અને તેમાં હજુ વધારો થશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

આ વર્ષે ડાંગર, બાજરી, તુવર, જુવારદાણા, તલ, મગ, મઠ, અડદનું વાવેતર પણ સારૂ એવુ નોંધાયુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગુવારનું વાવેતર પણ ૫૪૭૧ હેક્ટર નોંધાયુ છે તો શાકભાજીના પાકોનું વાવેતર પણ ૬૪૧૩ હેક્ટર જેટલુ નોંધાયુ છે. જિલ્લામાં પશુપાલનને લઈ ઘાસચારાનું વાવેતર પણ ૧૨,૧૩૪ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં આ સમયગાળા દરમ્યાન વાવેતર વિસ્તારમાં પણ ગત વર્ષની તુલનામાં વધારો જોવા મળી રહ્યો છે.

સન્માન સમારોહ...

ત્રીજા પાનાનું ચાલુ

કરવા અનુરોધ કર્યો હતો. જયારે મધુરડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ ભણતરની સાથે ગણતર મેળવવું પડશે અને સમાજ પ્રત્યે સેવાભાવની પ્રવૃતિઓ કરવા હિમાયત કરી હતી. આ પ્રસંગે મહેમાનો હસ્તે ધોરણ-૧ થી ૧૨, ઉચ્ચ અભ્યાસક્રમ, માસ્ટર ડિગ્રી સહિતના ૭૦ વિદ્યાર્થીઓ અને રમતગમતમાં નેશનલ કક્ષાએ નામના મેળવી હોય તેવા સમાજના ૧૨ ખેલાડીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર તેમજ અંદાજે ૧૨ વિશિષ્ટ વ્યકિતઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ કરણસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આગામી ટુંક સમયમાં સમાજનું નવું ભવન તૈયાર થઈ જશે. રાજપૂત સમાજની દિકરીઓ માટે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિશેષ તૈયારીઓ દર્શાવી છે. આ પ્રસંગે મનપા ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, દેવેન્દ્રસિંહ ચાવડા, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જિ.પં.પૂર્વ ઉપપ્રમુખ અજીતસિંહ વાઘેલા, પદમસિંહ ચૌહાણ, પ્રવિણસિંહ ડાભી, હરિસિંહ વાઘેલા, ચાવડા કરીના બા, દશરથસિંહ વાઘેલા, જશુજી પરમાર,બાબુભા ચૌહાણ, પૃથ્વીસિંહ પરમાર,કીરીટસિંહ વાઘેલા, વિનોદસિંહ રાઠોડ, બાબુસિંહ વાઘેલા, સહિત સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલે પ્રાસંગીક ઉદબોધન કરી આ કાર્યક્રમમાં હાજર રહેનાર સૌ ભાઈ બહેનોનો આભાર વ્યકત કર્યો હતો. જયારે કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કાર્યકારી પ્રમુખ નટુભા વાઘેલા એ કર્યુ હતું. જયારે આભારવિધી અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રેરણા સ્કુલના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ કર્યુ હતું.

શપથવિધિ સમારોહ...

● પાંચમાં પાનાનું ચાલુ

ખજાનચી નવીનભાઈ પટેલ, ટેઈલ ટ્વીસ્ટર ધનજંય ભાટીયા અને તેમની ટીમે શપથ ગ્રહણ કર્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં ભૂતપૂર્વ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રમુખ સુરેશભાઈ પટેલ, લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેન એસ. પટેલ, લીયો પ્રમુખ પ્રીયંક પટેલ તેમજ લાયન્સ ક્લબ સોસાયટીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અને મોડાસા શહેરના અગ્રણીઓ દ્વારા ૨૦૧૬-૧૭ની નવી ટીમ લાયન્સ ક્લબ ઓફ મોડાસાને શુભેચ્છા પાઠવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના જરૂરીયાતમંદ વાળા લોકો અને ગરીબ બાળકો માટે નિરંતર સેવાઓ આપતા રહેવા આશીર્વાદ પાઠવ્યા હતા. આ શપથવિધિ સમારોહમાં મોડાસાના અગ્રણીઓ, બીલ્ડર્સ એસોસીએશન, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખ ભરત પરમાર, કેડાઈ અરવલ્લીના પ્રમુખ તેમજ આર્કીટેક એન્ડ એન્જીનીયર્સના હોદેદારોએ લાયન્સ ક્લબ ઈન્ટરનેશનને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા અરવલ્લી જિલ્લા વધુ લાયન્સ ક્લબ ખોલવા માટે આહવાન કરી જરૂરીયાતમંદ લોકોની સેવા કરવા તત્પર રહેવા અનુરોધ કર્યો હતો.